Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018

# સરદાર પટેલ અને સુભાષચંદ્ર બોઝના મતભેદ

ડૉ. વસંત પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર, અનુસ્નાતક ઇતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, મોઃ 9624556654

- **સારાંશઃ**

સરદાર અને બોઝ બન્ને ભારતના શ્રેષ્ઠ દેશભક્તો હતા. બન્નેની દેશભક્તિ વિશે કોઇને શંકા નહોતી કદાચ સરદારની દેશભક્તિ કરતાં સુભાષ બોઝની દેશભક્તિ વધુ મજબુત હતી. બન્નેનું લક્ષ્ય ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવાનું હતું. બન્નેની કાર્ય કરવાની પદ્ધતિ અલગ હતી. પણ બન્નેનું ધ્યેય તો એક જ હતું. રાજનીતિમાં કેટલાય મતભેદો હંમેશાં આવા મહાપુરુષો વચ્ચે રહ્યા છે. તેમ છતાં સાચા રાષ્ટ્રભક્તોએ દેશ માટે જ બધું કર્યું છે. સરદાર અને સુભાષ બન્ને મહાપુરુષો વચ્ચે મતભેદો જરૂર હતા પણ બન્ને સાચા મિત્રો પણ હતા. હરિપુરા કોંગ્રેસ અધિવેશનમાં સુભાષ બોઝનું ભવ્ય સ્વાગત પણ સરદારની નીગરાનીમાં જ થયું હતું. ઉંમરમાં 24 વર્ષ નાના સુભાષચંદ્ર બોઝ સાથે વલ્લભભાઇના ગવાયેલા મતભેદનું એક કારણ વિઠ્ઠલભાઇ પટેલનું વિલ હતું. નાદુરસ્ત તબિયત ધરાવતા વિઠ્ઠલભાઇ તબીબી સારવાર માટે 1932માં વિયેના (ઓસ્ટ્રિયા) ગયા. સુભાષચંદ્ર બોઝ ત્યારે દેશનિકાલ થઇને વિયેના રહેતા હતા. તેમણે વિઠ્ઠલભાઇની ભારે સેવા ચાકરી કરી. છતાં વિઠ્ઠલભાઇ જીવતા પાછા ફરી શક્યા નહીં. મૃત્યુ પછી વિઠ્ઠલભાઇનું વિલ ખૂલ્યું. તેમાં એક લાખ રૂપિયાથી પણ વધુ રકમ સુભાષચંદ્રને આપવાની ઇચ્છા વિઠ્ઠલભાઇએ જાહેર કરી હતી. એ રકમથી પરદેશમાં સ્વતંત્રતાની ચળવળનો પ્રચાર કરવાનો હતો. સરદાર અને ગાંધીજીને વિલની ખરાઇમાં શંકા હતી. વિલના એક્ઝીક્યુટર ગોરધનભાઇ પટેલની સરદારે સખત ઉલટતપાસ લીધી અને તેમને પણ વિલની સચ્ચાઇ અંગે વિચારતા કરી મૂક્યા. સુભાષની સેવાનાં મોંફાટ વખાણ કરનાર ગાંધીજીએ સરદારને લખ્યું, 'વિઠ્ઠલભાઇની અંતિમ ઇચ્છા વિષે જે વાતો આવે છે તેનું તો શું કહેવું? તમને છે તેમ મને પણ શક તો છે જ.' થોડા સમય પછી ગાંધીજીનું મન બદલાતાં, તેમણે લખ્યું, 'વિઠ્ઠલભાઇનું વસિયતનામું વાંચી ગયો છું. તેમાં બધું નિયમસર લાગે છે. બોઝને મળતા હોય તે છો લઇ જાય, એમ મારું તો વલણ છે.' પરંતુ ત્યારબાદ વલ્લભભાઇએ આ સમગ્ર વિલની તપાસ કરાવીને કોર્ટમાં ગયેલા અને તેમણે જીતપણ પ્રાપ્ત કરેલી અને સુભાષબાબુ પાસેથી વિલની રકમ પણ પરત મેળવી અને આ રકમ પોતાની પાસે ન રાખતા કોંગ્રેસ પક્ષના ફંડમાં સોંપેલી. આ પ્રસ્તુત લેખમાં બીજા અન્ય સરદાર અને બોઝના મતભેદોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

હરિપુરા કોંગ્રેસ 1938 તથા ત્રિપુરી કોંગ્રેસ 1939 દરમિયાન કોંગ્રેસમાં મતભેદ વધારે તીવ્ર થઇ ગયા. આ મતભેદ માત્ર સૈદ્ધાંતિક ન હતા, બલકે કોંગ્રસની અંદર પોતાનું આધિપત્ય બનાવી રાખવા માટે સંઘર્ષ હતો. સરદાર પટેલ અને સુભાષચંદ્ર બોઝમાં સંઘર્ષ મુખ્યત્વે બંને વ્યકિતઓની કાર્યપદ્ધતિના આધાર પર હતો. ઘણા સમયથી કોંગ્રેસની અંદર ગાંધીવાદી અને

દક્ષિણપંથી વિચારકોનો વધતો જતો પ્રભાવ બોઝ માટે ચિંતાનો વિષય હતો. સુભાષચંદ્ર બોઝના મતાનુસાર સરદાર માત્ર એક પ્રાદેશિક નેતા છે, જેમની પોતાના પ્રદેશ ગુજરાતમાં મજબૂત પકડ છે પરંતુ તે સંપૂર્ણ કોંગ્રેસ તથા કોંગ્રેસ કાર્યસમિતિના નિર્ણાયક બની ગયા અને તે પ્રદેશોમાં પણ હસ્તક્ષેપ કરે છે, જેના સંબંધમાં તેમને ખૂબ જ ઓછી માહિતી છે. બોઝનો આરોપ હતો કે ગાંધીવાદી બંગાળની રાજનીતિમાં તેમની ઉપેક્ષા કરે છે.

સ્વભાવથી બોઝ એક વિદ્રોહી હતા. તેમને વિશ્વાસ હતો કે, "ભારતનું ભવિષ્ય તે ઉગ્ર સૈનિકોના હાથમાં છે, જે સ્વતંત્રતા પ્રાપ્તિ માટે બલિદાન અને કષ્ટ સહન કરવા માટે તૈયાર હશે. તેઓ એ વાતથી સહમત હતા કે, ઇતિહાસમાં શાતિ દ્વારા કોઇ મોટું પરિવર્તન નથી થયું. તે એકમાત્ર વિકલ્પ યુદ્ધ છે.[1]

હકીકત એ હતી કે, 1934 પછી કોંગ્રેસની અંદર દક્ષિણ પંથી કોંગ્રેસની નીતિ નિર્ધારણમાં પોતાનું આધિપત્ય સ્થાપિત કરેલું હતું. ભારત શાસન અધિનિયમ, 1935 દ્વારા પ્રસ્તાવિત ફેડરલ યોજનાની બોઝે આલોચના કરી. ફેબ્રુઆરી 1938માં પોતાના અધ્યક્ષીય ભાષણમાં બોઝે સ્પષ્ટ કહ્યું. "કોંગ્રેસના અધ્યક્ષના રૂપમાં મારા કાર્યકાળમાં સંઘ-યોજના તથા તેની અરાષ્ટ્રીય અને લોકતંત્રીય વિશેષતાઓનો વિરોધ કરવામાં આવશે."[2] એ સાચું છે કે અમુક રાષ્ટ્રીય નેતા સંઘ-યોજના પર બ્રિટિશ સરકાર સાથે વાતચીત કરી રહ્યા હતા, જેની ચર્ચા બ્રિટિશ અખબારોમાં થઇ. બોઝે પોતાની પ્રતિક્રિયા વ્યકત કરતા કહ્યું કે જ્યાં સુધી મારો સંબંધ છે, જો કોંગ્રેસના બહુમતે પણ સંઘ-યોજનાને સ્વીકારી લીધી તો મારું કર્તવ્ય હશે કે પોતાના પદથી મુકત થઇને દેશના હિતમાં સાર્વજનિકરૂપમાં સંઘ-યોજનાનો વિરોધ કરું.[3] સપ્ટેમ્બર 1938માં બોઝ સામૂહિક સવિનય કાનૂન ભંગ આંદોલનના પક્ષમાં હતા. તેમનો મત હતો કે રાષ્ટ્રીય આંદોલન યુરોપના ભાવિ યુદ્ધની સાથોસાથ ચાલે.[4] આ કારણોથી બોઝ તથા કોંગ્રેસના ગાંધીવાદી પક્ષમાં તીવ્ર મતભેદ થઇ ગયા. સરદાર અનુસાર બોઝનો સંઘયોજના સામેનો વિરોધ એ ફકત તેમનું ફરીથી કોંગ્રેસ અધ્યક્ષ બનવા માટેનું બહાનું હતું. 19 નવેમ્બર, 1938 માં ડૉ.રાજેન્દ્ર પ્રસાદને લખેલ એક પત્રમાં સરદારે કહ્યું કે, કોઇપણ સંઘ-યોજનામાં સામેલ નથી થવા માંગતા, પરંતુ તમે તેમને (બોઝ) પોતાના લક્ષ્યની પૂર્તિ માટે પ્રચારથી રોકી ન શકો.[5]

જ્યારે બોઝે બીજા વખત ચૂંટણી લડવાની ઇચ્છા વ્યકત કરી તો ગાંધીવાદીઓ એ એવું નકકી કર્યું કે કાં તો એમને હરાવવા અથવા રોકવા. ગાંધીવાદીઓ પહેલા મૌલાના આઝાદનું નામ રજૂ કર્યું. મૌલાના આઝાદે ના પાડતા ડો.સીતારામૈયા ને અધ્યક્ષ પદ માટે ઊભા રાખ્યા. બોઝે પોતાનું નામ પાછુ ન ખેચ્યું અંતે ચૂંટણીના પ્રશ્ને કોંગ્રેસમાં ગંભીર મતભેદ થઇ ગયા.

21 જાન્યુઆરી, 1939ના રોજ પોતાના એક વકતવ્યમાં બોઝે એ કારણો પર પ્રકાશ ફેકયો કે જેના પરિણામ સ્વરૂપ એ ચૂંટણીમાંથી નથી હટવાના. તેમના કહેવા પ્રમાણે ઘણાં પ્રાંતોએ એમનું નામ પ્રસ્તાવિત કર્યું છે તથા વામપંથીઓ તેમને ચૂંટણીમાંથી હટવા માટે મનાઇ કરી રહ્યા છે. સરદારે એવું અનુભવ્યુ કે કોગ્રેસ કાર્યસમિતિએ આ વકતવ્યનો વિરોધ કરવો જોઇએ. એટલે તેમણે કાર્યસમિતિના દરેક સદસ્યોને તાર કર્યો, જેમાં જણાવ્યું કે અપવાદ સ્વરૂપ પરિસ્થિતિમાંજ એક વ્યકિત ને અધ્યક્ષ તરીકે બીજી વાર ચૂંટણી લડાવી શકાય. સુભાષબાબુને ફરી ચૂંટવા માટે એવી કોઇ પરિસ્થિતિ ઊભી નથી થઇ. સાથો સાથ સુભાષબાબુ એ સંઘ-શાસન વગેરે વિશે જે આક્ષેપ કર્યા છે તેનું આ વકતવ્ય માં ખંડન કરવામાં આવ્યું છે. એવું પણ

કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસનો કાર્યક્રમ અને કોંગ્રેસની નીતિ અધ્યક્ષ નક્કી નથી કરતા પરંતુ કોંગ્રેસે અથવા કોંગ્રેસની મહાસમિતિએ નક્કી કરવાનું હોય છે.[6]

ઉપરોકત તારના ઉત્તરમાં કાર્યસમિતિ ના 6 સદસ્યોએ પોતાની સ્વીકૃતિ આપી પરંતુ શરદચન્દ્ર બોઝે આપત્તિ તરફ 24 ફેબ્રુઆરી એ સરદારને તાર કરીને સલાહ આપી કે મૌલાનાએ ઉમેદવારી પાછી ખેંચ્યા બાદ ડૉ.પટ્ટાભિને ઊભા રાખવા યોગ્ય નથી .... મહેરબાની કરીને કોંગ્રેસમાં ભાગલા ના પાડશો.[7] 24 ફેબ્રુઆરીએ સરદાર પટેલ સહિત કાર્ય સમિતિના સાત સભ્યોના હસ્તાક્ષરથી એક નિર્દેશ પ્રકાશિત થયો, જેમાં કોંગ્રેસ અધ્યક્ષ તરીકે ડૉ. પટ્ટાભિને સુયોગ્ય વ્યકિત કહેવામાં આવ્યા તથા તેમને ચૂંટવા માટે કોંગ્રેસ પ્રતિનિધિઓને સલાહ આપવામાં આવી.[8] બોઝે આરોપ લગાવ્યો કે જ્યારે કાર્યકર્તા બે સભ્યો અધ્યક્ષપદ માટે પ્રતિસ્પર્ધી હોય ત્યારે બાકીના સભ્યો ભેગા મળીને કોઇ એક સભ્યનો પક્ષ લે એ ન્યાયપૂર્ણ નથી.[9] બોઝના કહેવાનુસાર પટેલ તથા કાર્યસમિતિના સભ્યોના વકતવ્ય વ્યકિતગત કોંગ્રેસીના રૂપે નહિ, પરંતુ કોંગ્રેસ કાર્યસમિતિના સભ્યો ના રૂપમાં છે, એટલે તે અનુચિત છે. જો ખરેખરા અધ્યક્ષની ચૂંટણી કરવી હોઇ તો કોંગ્રેસના પ્રતિનીધિઓને સ્વંતંત્ર રૂપે મતદાન કરવા દેવું જોઇએ. તેમના પર કોઇ નૈતિક દબાણ ન નાખવું જોઇએ.[10] બોઝને ડર હતો કે આગલા વર્ષે સંભવ છે કે કોંગ્રેસના નરમ દળના સભ્યો સંઘ-શાસનની યોજના વિશે અંગ્રેજ સરકાર સાથે સમજૂતી ના કરી લે.[11] એટલે એ જરૂરી છે કે હવે પછીના કોંગ્રેસ અધ્યક્ષએ હોઇ જે ખરા દિલથી સંઘ-શાસનનો વિરોધ કરે. આચાર્ય નરેન્દ્ર દેવ જો ઉમેદવાર બને તો બોઝ ચૂંટણીમાંથી હટવા તૈયાર હતા.[12]

ઉપરોકત વકતવ્યના જવાબમાં સરદાર પટેલે એકલા પોતાના હસ્તાક્ષરવાળુ એક વિધાન પ્રકાશિત કર્યું, જેમાં સ્પષ્ટ કર્યું, કેઃ તેઓ એવા કોઇ કોંગેસી સભ્યને નથી જાણતા જે ભારતીય શાસન અધિનિયમ 1935ની સંઘ-યોજનાને પસંદ કરતા હોય. પ્રશ્ન કોઇ વ્યકિત કે સિદ્ધાંતનો નથી અને ન તો નરમ કે ગરમ વિચારનો છે. આમાં એકમાત્ર વિચાર એ કરવાનો છે કે દેશનું અધિકતમ હિત દશેમાં સમાયેલ છે.[13] સરદારના મુજબ ચૂંટણીની બાબતમાં તેમને પ્રતિનિધિઓના માર્ગદર્શનનો અધિકાર છે. સરદાર પટેલના વકતવ્ય તથા તેમની કાર્યપદ્ધતિની સમાજવાદીઓએ ઉગ્ર પ્રતિકિયા આપી. તેમની પર આરોપ લગાવ્યો કે તેમણે ગુજરાતના પ્રતિનિધિઓને ડૉ.પટ્ટાભિને મત આપવાની સલાહ આપી છે.[14] ચૂંટણીમાં બોઝે ડો. પટ્ટાભિ સીતારમૈયાને 199 મતોથી હાર આપી. ચૂંટણી પરીણામોને ગાંધીજીએ પોતાની નિજી હાર માની તથા 31 જાન્યુઆરી 1939એ હરિજનમાં 'મારી હાર' શીર્ષક લેખ લખ્યો. આંતરિક મતભેદ એ સમયે વધુ ઊભરીને આવ્યા જ્યારે 9 ફેબ્રુઆરી 1939 રોજ કાર્યસમિતિના 15 માંથી 13 સભ્યોએ એજ બેઠકમાં પોતાના રાજીનામાં આપી દીધાં.

10 માર્ચ, 1939ના રોજ ત્રિપૂરીમાં કોંગ્રેસનું અધિવેશન થયું. દૂર્ભાગ્યથી જયારે સુભાષ બોઝ ત્રિપૂરી પહોંચ્યા ત્યારે બીમાર હતા. તેમની બીમારીને કારણે તેમનું અધ્યક્ષીય ભાષણ વાંચી સંભળાવવામાં આવ્યું. બીજે દિવસે સરદાર પટેલ દ્વારા તૈયાર કરેલ તથા ગોવિંદ વલ્લભ પંત દ્વારા પ્રસ્તુત પ્રસ્તાવને અધિવેશને સ્વીકાર કર્યો જેમાં કહેવામાં આવ્યું કે આવતા કાર્યમાં સંકટપૂર્ણ સ્થિતિ પેદા થઇ શકે છે. આવી પસ્થિતિમાં મહાત્મા ગાંધીજ કોંગ્રેસ અને દેશનું નેતૃત્વ કરી શકે છે, એટલે કોંગ્રેસ એ આવશ્યક સમજે છે કે કોંગ્રેસ કાર્યકારિણીમાં ગાંધીજીનો પૂરો

વિશ્વાસ હોઇ તથા અધ્યક્ષને નિવેદન કરવામાં આવે છે કે આ વર્ષની કાર્ય કારિણી ગાંધીજી તેમની ઇચ્છાનુસાર નિર્માણ કરે.[15]

આથી અત્યંત વિરોધાભાસ ઉત્પન્ન થયો. અને અનેક પ્રયત્નો છતાં પણ દૂર ન થઇ શકયો. બોઝે લખ્યું મહાત્મા ગાંધી અને લેખક (બોઝ) વચ્ચે વાતચીત થઇ જેમાં એમ પ્રગટ થાય છે કે ગાંધીવાદી પક્ષ બોઝના નેતૃત્વ ને નથી માનતા જ્યારે બીજી તરફ પોતે કઠપૂતળી પ્રધાન બની રહેવા તૈયાર નથી, એટલે અધ્યક્ષ પદેથી રાજીનામું આપવા સિવાય કોઇ વિકલ્પ નથી.[16] 29 એપ્રિલે બોઝે રાજીનામું આપીને એક નવું દળ ફોરવર્ડ બ્લોકનું ગઠન કર્યું.

આ સમગ્ર ઘટનાક્રમમાં બોઝ અને તેના સમર્થકોનો રોષ મુખ્યત્વે સરદાર પટેલની વિરૂદ્ધ માં હતો. શરદચંદ્ર બોઝ દ્વારા 21 માર્ચ ગાંધીજીને લખેલ પત્ર દ્વારા આ સ્પષ્ટ થાય છે. પત્રમાં કહેવામાં આવ્યું કે લોકો જે વ્યકિતઓને તમારા માનીતા શિષ્ય અને પ્રતિનિધિ સમજે છે, તેમણે અહીં જે સત્ય અને અહિંસાનું પ્રદર્શન કર્યું છે, તેની જો આપના શબ્દોનો ઉપયોગ કરૂં તો ગંધ મારા નાકમાંથી નથી નિકળી રહી. તેમણે રાષ્ટ્રપતિ તથા તેમના જેવા વિચારવાળા માણસો વિરૂદ્ધ જે પ્રચાર અહીં કર્યો છે તે બિલકુલ હલકી કક્ષાનો હતો તથા પૂર્ણ દ્વેશભાવ અને વેર ભાવથી ભરેલો હતો.[17]

ગાંધીજીના કહેવા પર સરદારે આ પત્રનો સંક્ષિપ્ત ઉત્તર આપ્યો જેમાં શરદ બોઝે કરેલા આરોપોનું ખંડન કરતાં કહ્યું, આવા કોધપૂર્ણ અને ગોળોથી ભરેલા પત્રનો ઉત્તર આપવો જોઇએ ? કાર્યસમિતિના જૂના સભ્યો પર તેમણે એ આરોપ લગાવ્યો કે તેમણે રાષ્ટ્રપતિની વિરૂદ્ધમાં દ્વેશપૂર્ણ અને વિષથી ભરપૂર પ્રચાર કર્યો. અમારામાંથી કોઇએ તેમના વિરૂદ્ધ એવો પ્રચાર નથી કર્યો. એટલે એ આરોપો નકારવા સિવાય તે વિષયે બીજું કંઇ કહેવું યોગ્ય નથી......[18]

નરીમાન, ખરે તથા બોઝની ઘટનાઓથી એ સ્પષ્ટ છે કે સરદાર પટેલ કોંગ્રેસના મુખ્ય કર્તા હતા અને તેઓ કોંગ્રેસની અંદર કોઇ પણ રૂપમાં વામપંથી કે ઉગ્રવાદી વિચારધારાનો ઉભરો સહન નહોતા કરી શકતા.

## પાદટીપ


1. હ્યુંગ ટોપે, ધી સ્પ્રિંગીગ ટાઇગર, (મુંબઇ,1959), પૃ.58
2. એજન પૃ.38
3. ડો. પટ્ટાભિ સીતારમૈયા, કોંગ્રેસનો ઇતિહાસ, ખંડ 2, (નવી દિલ્હી, 1948), પૃ.73
4. બોમ્બે ક્રોનિકલ, 26 સપ્ટેમ્બર, 1938
5. સુભાષચંદ્ર બોઝ, ધી ઇન્ડીયન સ્ટ્રગલ, (1920-92), પૃ.331
6. વાલ્મીકી ચૌધરી, (સંપાદિત), ડો. રાજેન્દ્ર પ્રસાદ કોરોસ્પોન્ડન્ટસૂ એન્ડ સીલેકટેડ ડોકયુમેન્ટસ (દિલ્હી, 1987) ખંડ, પૂ.125
7. નરહરી દ્વા.પરીખ, સરદાર વલ્લભભાઇ પટેલ, ભાગ-1, પૃ. 150
8. એજન, પૃ. 150
9. એજન, પૃ.512
10. એજન, પૃ. 512 - 513
11. એજન

12. એજન

13. એજન

14. એજન, પૃ. 513 - 515

15. ધી કોંગ્રેસ સોશ્યાલીસ્ટ, 22 જાન્યુઆરી, 1939

16. ધી ઇન્ડીયન એન્યુઅલ રજીસ્ટર, 1939, ખંડ-1 પૃ. 332

17. સુભાષચંદ્ર બોઝ, પૂર્વોક્ત, પૃ. 333

18. નરહરી દ્વા. પરીખ, પૂર્વો. પૃ. 522 - 523